# <u>જાહેર ખબર</u>

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત જુદી જુદી હોસ્પિટલોમાં નર્સની** ખાલી જગ્યાઓ માટે જે તે જાતિના નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તેમજ આસી. મેટ્રન (ઇમરજન્સી કેર) ની એક જગ્યા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

- **નર્સ**
- **કુલ જગ્યા :- ૨૭૩. પ્રતિક્ષાયાદી**

**<u>લાયકાત :-</u>**

(૧) ઉમેદવારની ઉંમર ૨૮ વર્ષથી વધુ હોવી જોઇએ નહી. (સિવાય કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નોકરીમાં ચાલુ હોય)

(૨) ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલની માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી બી.એસસી. (નર્સિંગ) ની ડીગ્રી

**<u>અથવા</u>**

જનરલ નર્સિંગ મીડવાઈફરી ડિપ્લોમાં ધરાવનાર અથવા મીડવાઈફરીનો ટૂંકાગાળાનો કોર્ષ કરેલ હોવા જોઈએ.

(૩) કોમ્પ્યુટરની ક્વોલીફાઇડ પરીક્ષા પાસ કરી કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૪) અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી લખતાં વાચતાં બોલતા આવડવું જોઈએ.

**<u>પગાર ધોરણ :-</u>**

પ્રથમ વર્ષે ફિક્સ માસિક વેતન રુ.૬૨૫૦/- (કોઇ પણ જાતના ભથ્થા સિવાય) આપવામાં આવશે.
બીજા વર્ષે ફિક્સ માસિક વેતન રુ.૭૦૦૦/- (કોઇ પણ જાતના ભથ્થા સિવાય) આપવામાં આવશે.
બે વર્ષ પૂર્ણ થયેથી કામગીરીના મુલ્યાંકનના આધારે ઉપલબ્ધ જગ્યાઓ પ્રમાણે રુ.૫૨૦૦-૨૦૨૦૦ + ગ્રેડ પે રુ.૨૮૦૦/- થી નિમણૂંક આપવામાં આવશે.

- **આસી. મેટ્રન (ઇમરજન્સી કેર) જગ્યા - ૧ બિનઅનામત**

**<u>લાયકાત અને અનુભવ :-</u>**

(૧) ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલની માન્યતા પ્રાપ્ત સસ્થામાંથી બી.એસસી.(નર્સિંગ)ની ડીગ્રી

**<u>અથવા</u>**

જનરલ નર્સિંગ મીડવાઈફરી ડિપ્લોમા ધરાવનાર

**<u>અથવા</u>**

મીડવાઈફરીનો ટૂંકાગાળનાનો કોર્ષ કરેલ હોવા જોઈએ.

(૨) કોમ્પ્યુટરની ક્વોલીફાઇડ પરીક્ષા પાસ કરી કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૩) અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી લખતાં વાંચતાં બોલતા આવડવું જોઇએ.

(૪) બી.એસસી. (નર્સિંગ)ની ડીગ્રી ધરાવનાર માટે ૩૦૦ થી વધુ બેડ ધરાવતી હોસ્પિટલનો ઇન્ટેનસીવ કેરનો સીસ્ટર ઇન્ચાર્જ તરીકેનો **<u>૫</u>** વર્ષનો અનુભવ

**અથવા**

જનરલ નર્સિંગ મીડવાઈફરી ડિપ્લોમાં ધરાવનાર કે મીડવાઈફરીનો ટૂંકાગાળાનો કોર્ષ કરેલ માટે ૩૦૦ થી વધુ બેડ ધરાવતી હોસ્પિટલનો ઈન્ટેનસીવ કેરનો સીસ્ટર ઈન્ચાર્જ તરીકેનો <u>૭</u> વર્ષનો અનુભવ

(૫) ઉપરાંત પેશન્ટ કેર અંગેની સપૂર્ણ જાણકારી. હોસ્પિટલ મેનેજમેન્ટનો કોર્ષ ઈચ્છનીય.

**<u>વયમર્યાદા :-</u>** ૨૮ થી ૪૫ વર્ષ

**<u>પગાર ધોરણ :-</u>**

**૫૨૦૦-૨૦૨૦૦ + ગ્રેડ પે રૂા. ૪૨૦૦ (પૂરા પગારથી)**

**અરજદારોએ રૂા. ૧૦૦/- ભરેલ અરજી ફોર્મ સાથે ચુકવવાના રહેશે.**

**અન્ય :-** અરજી પત્રક અરજદારોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઈટ **www.egovamc.com** ના **Recruitment** સેકશનમાંથી ડાઉનલોડ કરી ભરવાનું રહેશે તથા તમામ પ્રમાણપત્રોની પ્રામાણીત નકલ સામેલ કરવાની રહેશે. સરકારી કે અન્ય ખાતામાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાની અરજી ખાતા મારફતે મોકલવાની રહેશે. અરજદારે રૂબરૂ મુલાકાત માટે સ્વખર્ચે આવવાનું રહેશે. જાતિ અંગેનું તે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અરજી પત્રક સાથે સામેલ કરવાનું રહેશે. સામાજિક શૈક્ષણિક પછાત જાતિના ઉમેદવારોએ "ક્રિમીલીયર''માં નથી તેવું સક્ષમ સત્તાનું તાજેતરમાં મેળવેલુ સર્ટીફીકેટ જોડવાનું રહેશે. અધુરી વિગતવાળી કે જરૂરી પ્રમાણપત્રો સામેલ નહિ હોય તેવી અરજીઓ સ્વીકારવામાં આવશે નહિ કે ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

અરજીઓ સ્વીકારવાનું સ્થળ :- ડે. ડાયરેક્ટરશ્રી, એ.એમ.સી. મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ (AMC MET) એન.એચ.એલ. મેડિકલ કોલેજ, વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ કમ્પાઉન્ડ, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.
(જાહેર રજાઓના દિવસે તથા રવિવાર અને બીજા તથા ચોથા શનિવાર સિવાય)
અરજીઓ સ્વીકારવાનો સમય :- સવારે ૧૧.૦૦ થી બપોરે ૪.૦૦ કલાક સુધી
અરજીઓ સ્વાકીરવાની છેલ્લી **<u>તારીખ :- .૩૦/૦૪/૨૦૧૦</u>** રહેશે.

**સેક્રેટરી**
**AMC - MEDICAL EDUCAION TRUST**